કેનેડાની સરકારે એક એવો નિર્ણય લીધો છે જેના કારણે ત્યાં રહેતા ભારતીયોની મુશ્કેલીઓ વધશે

ટોરેન્ટો,

કેનેડાની સરકારે એક એવો નિર્ણય લીધો છે જેના કારણે ત્યાં રહેતા ભારતીયોની મુશ્કેલીઓ વધશે. જસ્ટિન ટ્રૂડોએ સોમવારે જાહેરાત કરી કે કેનેડામાં અસ્થાયી નોકરી કરતા વિદેશીઓની સંખ્યા ઘટાડવામાં આવશે. આ નિર્ણય બાદ હવે તેની સીધી અસર ત્યાં કામ કરતા ભારતીય યુવાઓ પર પડશે. મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ ત્યાં ગુજરાન ચલાવવા માટે નોકરી કરે છે. પીએમ જસ્ટિન ટ્રૂડોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે અમે કેનેડામાં ઓછા પગારવાળા અસ્થાયી વિદેશી શ્રમિકોની સંખ્યા ઓછી કરી રહ્યા છીએ. દેશનું લેબર માર્કેટ ઘણું બદલાઈ ગયું છે. હવે સમય આવી ગયો છે કે અમારી કંપનીઓ કેનેડિયન શ્રમિકો અને યુવાઓને વધુમાં વધુ નોકરી આપે. રિપોર્ટ મુજબ ઓગસ્ટ ૨૦૨૪ના અંત સુધીમાં કેનેડામાં ભારતીયોની સંખ્યા ૨૦ લાખ સુધી પહોંચવાની આશા છે. વર્ષ ૨૦૨૨માં ૧૧૮,૦૯૫ ભારતીયો કેનેડામાં સ્થાયી રહીશ બની ગયા છે. જ્યારે ૫૯,૫૦૩ લોકો કેનેડિયન નાગરિક બની ગયા છે. ૨૦૨૪ના પહેલા ત્રિમાસિકમાં કેનેડાએ ૩૭,૯૧૫ નવા ભારતીય સ્થાયી રહીશોને પ્રવેશ આપ્યો. જે ૨૦૨૩ના પહેલા ત્રિમાસિકની સરખામણીમાં ૮,૧૭૫ જેટલો ઘટાડો છે. કેનેડામાં રહેતી વિદેશી વિદ્યાર્થીઓમાંથી ૪૦ ટકા ભારતીય છે. વિદ્યાર્થી વિઝા લઈને કેનેડામાં વસવાના સપના જોતા યુવાઓ માટે હવે ટ્રૂડોની નવી ઈમિગ્રેશન પોલીસીથી મોટો ફટકો લાગ્યો છે. આ જ કારણ છે કે પોલીસીમાં ફેરફારને કારણે ૭૦૦૦૦થી વધુ વિદેશી વિદ્યાર્થીઓ પર દેશ પરત ફરવાની તલવાર લટકી રહી છે. કેનેડામાં હવે આ મુદ્દે વિરોધ પ્રદર્શન પણ શરૂ થઈ ગયા છે. હવે એ જાણવું જરૂરી છે કે ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા કેમ જાય છે અને ટ્રૂડોની નવી પોલીસી ત્યાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ પર શું અસર કરશે. નોંધનીય છે કે કેનેડામાં વર્ષ ૨૦૨૩ની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૯૦૦૦૦૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ છે જ્યારે આ વર્ષે ૨૦૨૪ના અંત સુધીમાં ૫૦૦૦૦૦ સ્થાયી રહિશ વધુ વધવાની શક્યતા હતી. ટ્રૂડોએ કેનેડાની આંતરરાષ્ટ્રીય ઈમિગ્રેશન પોલીસીમાં મોટો ફેરફાર કરવાનો જે નિર્ણય લીધો છે તેના કારણે હવે વિદેશી વિદ્યાર્થીઓને પાર્ટ ટાઈમ નોકરી શોધવામાં મુશ્કેલીઓ પડશે. કારણ કે હવે આ નોકરીઓ સ્થાનિક યુવાઓ માટે રિઝર્વ કરવામાં આવી છે. ટ્રૂડોના આ નિર્ણય વિરુદ્ધ વિદેશી વિદ્યાર્થીઓ ભારે પ્રદર્શન કરી રહ્યા છે. ૭૦૦૦૦થી વધુ વિદેશી વિદ્યાર્થીઓ પર કેનેડામાંથી નિર્વાસનનું જોખમ તોળાઈ રહ્યું છે. કેનેડામાં પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ, ઓન્ટારિયો, મેનિટોબા, બ્રિટિશ કોલંબિયા સહિત જુદા જુદા રાજ્યોમાં આ મુદ્દે સભાઓ અને રેલીઓ આયોજાઈ રહ્યા છે. કેનેડિયન સરકાર અત્યાર સુધી કહેતી આવી છે કે અહીં અપ્રવાસીઓને લાવવાનું એક પ્રમુખ કારણ આર્થિક વિકાસ અને લચીલાપણાને પ્રોત્સાહન આપવાનું છે. હવે પોલીસીમાં ફેરફાર બાદ ભારતીય વિદ્યાર્થીઓ પોતાને ઠગાયેલા મહેસૂસ કરે છે. એક પૂર્વ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી મહકદીપ સિંહ જે ઈમિગ્રેશનનો સામનો કરી રહ્યા છે તેમણે સિટી ન્યૂઝ ટોરન્ટોને કહ્યું કે મે કેનેડા આવવા માટે છ વર્ષ સુધી જોખમ ઉઠાવ્યું. મે અભ્યાસ કર્યો, કામ કર્યું, લોન ચૂકવી, અને કોમ્પ્રિહેન્સિવ રેંકિંગ સિસ્ટમ (CRS)માં જરૂરી પોઈન્ટ્સ પૂરા કર્યા. પરંતુ આમ છતાં સરકારે અમારો ફાયદો ઉઠાવ્યો છે. અત્રે જણાવવાનું કે કેનેડામાં રહેતા વિદ્યાર્થીઓ પહેલેથી રહેવાની સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. ગત વર્ષ સપ્ટેમ્બરમાં આવાસ સમસ્યાને લઈને એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટથી ખુબ હંગામો મચ્યો હતો. એવું કહેવાય છે કે ત્યાં ઘરોનું નિર્માણ ખુબ ઓછુ છે અને રેકોર્ડ ઉચ્ચ વ્યાજ દરોએ નવા ઘરોને સામાન્ય કેનેડિયન નાગરિકો અને નવા અપ્રવાસીઓની પહોંચથી બહાર કરવામાં આવ્યા છે. જો નોકરીઓની વાત કરીએ તો કેનેડામાં ઘણા સમય પહેલેથી પાર્ટ ટાઈમ જોબનું સંકટ આવી ચૂક્યુ છે. અહીં પહેલેથી વિદેશી વિદ્યાર્થીઓ ઘર ન મળવાના કારણે ખુબ ખરાબ સ્થિતિમાં રહી રહ્યા છે. હવે નવી ઈમિગ્રેશન પોલીસી બાદ કેનેડામાં શિક્ષણનું સપનું ભારતીયો માટે ક્યાંક સપનું જ ન બની રહે. કેનેડા જવાનું કારણ અસલમાં શિક્ષણ નહીં પરંતુ એટલા માટે કારણ કે વિદ્યાર્થી વિઝા કેનેડા જવા માટે સરળ રસ્તો છે અને ત્યારબાદ ત્યાં સ્થાયી રોકાણ અને ત્યાં નાગરિકતા મેળવવાના રસ્તા પણ ખુલી જાય છે. વિદ્યાર્થી વિઝા દ્વારા વિદેશી નાગરિકો કેનેડામાં સરળતાથી પ્રવેશ કરી શકે છે. કેનેડામાં વિદેશી વિદ્યાર્થીઓમાં મોટી સંખ્યા ભારતીયોની છે. કેનેડામાં એક પ્રકારનું મીની ઈન્ડિયા વસે છે. કેનેડા સરકારના આંકડા મુજબ વર્ષ ૨૦૨૨માં કુલ ૫.૫ લાખ વિદેશી વિદ્યાર્થીઓમાંથી ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ ઈન્ડિયાથી હતા. આ કુલ વિદ્યાર્થીઓના ૪૦ ટકા છે. આ અગાઉ ૩.૨ લાખ ભારતીય વિદ્યાર્થીઓ વિઝા પર કેનેડામાં રહેતા હતા.

વડોદરા: પૂરમાં ફસાયેલા હજારો પરિવારોના દૂધ-પાણી માટે વલખાં, બે દિવસથી મદદ પહોંચી નથી, મોબાઈલ પણ બંધ થયા

વડોદરા,

વડોદરા શહેરમાં વિશ્વામિત્રી નદીના પૂરના પાણીએ અભૂતપૂર્વ ખાના ખરાબી સર્જી છે. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં આજે સતત ત્રીજા દિવસે હજારો પરિવારો દૂધ અને પાણી વગર ટળવળી રહ્યાં છે. તેઓ રેસ્ક્યૂ માટે સતત સંદેશાઓ પહોંચાડી રહ્યા છે પણ હજી તેમના સુધી મદદ પહોંચી નથી.

વડોદરામાં આજે સતત ત્રીજા દિવસે ૫૦ ટકાથી વધારે વિસ્તાર પાણીમાં છે. તેમાં પણ જ્યાં રસ્તા પર પાંચથી છ ફૂટ પાણી છે તેવા વિસ્તારોમાં હજારો પરિવારો પોતાના મકાનો કે ફ્લેટમાં કેદ થઈ ગયા છે. ફાયર બ્રિગેડ , કોર્પોરેશન, પોલીસ તંત્ર પર આવા પરિવારોને રેસ્ક્યૂ કરવા માટે હજારોની સંખ્યામાં કોલ આવી ચૂકયા છે. સેવાભાવી સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકો વડોદરામાં દૂધ અને પાણી પુરુ પાડવા માટે નીકળ્યાં છે પણ પૂરના પાણીમાં તેઓ બધે પહોંચી શકે તેમ નથી. જેના કારણે પાણી વચ્ચે પોતાના ઘરોમાં ફસાયેલા કેટલાય લોકો પાણી અને દૂધ વગર ટળવળી રહ્યાં છે. બે દિવસથી વીજળી પણ નહી હોવાના કારણે તેમને પીવાના પાણીના પણ ફાંફા છે. આવા ઘણા લોકો સુધી તંત્ર પહોંચી શક્યું નથી અને હવે તો વડોદરાના સેંકડો લોકો એવા પણ છે.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : ચોથો માળ, ઓફિસ નં. ૪૩૯-૪૪૩, એમરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેશ પાર્ક, જેતપુર રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦.

શાખા ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતિનીકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે"** અને **"જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/જામીનદારો/કાયદેસરના વારસદાર નું નામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેંણી રકમ	અનામત કિંમત --------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય	હરાજીની તારીખના એક દિવસ પહેલા	સરફેસી સ્ટેજ
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)	(H)	(I)
૧.	અતુલ કે દેથડીયા (ઉધારકર્તા), મધુબેન એ દેથડીયા (સહ-ઉધારકર્તા) લોન એકાઉન્ટ નં. LHABD00001288876	ફ્લેટ નં. ૨૦૪, બીજો માળ, બ્લોક નં. ૯એચ, આગમ ૯૯ રેસીડેન્સી, ફેઝ - ૨, સચાણા ટાઉન, સાણંદ - વિરમગામ રોડ, આર.એસ. નં. ૧૦૧૭/સી, મોજે - સચાણા, તાલુકો - વિરમગામ, જીલ્લો - અમદાવાદ.	રૂા. ૧૯,૩૦,૦૫૩/- ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૭,૨૯,૦૦૦/- ------------ રૂા. ૭૨,૯૦૦/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૪.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૨.	દેવર રાજુ સુબ્રમણ્યમ (ઉધારકર્તા), દેવર અંબિકા રાજુભાઈ (સહ-ઉધારકર્તા), દેવર જીતેન્દ્ર રાજુભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001355030 & LHBRD00001355035	ડી-૧૦૪, ટાવર - બી૧, સાકાર સ્પલેન્ડોરા - ૨, મેરી લેન્ડ પાર્ટી પ્લોટ ની પાસે, સાવલી રોડ, વેમાળી, વડોદરા, આર. એસ. નં. ૩૮૫, બ્લોક નં. ૨૨૭, મોજે - વેમાળી, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૧.	રૂા. ૨૦,૮૩,૪૦૧/- ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૧૬,૧૦,૦૦૦/- ------------ રૂા. ૧,૬૧,૦૦૦/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૪.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૩.	રવિભાઈ નરેન્દ્રભાઈ પીઠડીયા (ઉધારકર્તા), પીઠડીયા સ્મીતાબેન નરેન્દ્રભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001496370 & LHBRD00001497670	ઓફિસ નં. ૪૦૭/એ અને ૪૦૬/બી, ચોથો માળ, આદિત્વીય, આર.એસ. નં. ૧૮૩, ૧૮૪, ટી પી સ્કીમ નં. ૧૨, એફપી નં. ૪૪૩, સી એસ નં. ૨૨૧૫ ભાગ અને ૨૦૨૬ ભાગ અને ૨૨૦૮ ભાગ, મોજે - નિઝામપુરા, વડોદરા.	રૂા. ૭૨,૦૦,૦૭૭/- ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૪૨,૪૨,૦૦૦/- ------------ રૂા. ૪,૨૪,૨૦૦/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૪.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી શ્રીરામ ઓટોમોલ ઈન્ડિયા લિમીટેડ ની વેબસાઈટ : **(URL Link - eaucations.samil.in)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૦૩.૧૦.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, શાખા ઓફિસના સરનામે, તા. ૦૩.૧૦.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, શાખા ઓફિસના સરનામે ખાતે તા. ૦૩.૧૦.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **અમદાવાદ અને વડોદરા** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને ૯૯૨૦૮૦૭૩૦૦ નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.icicihfc.com ની મુલાકાત લો.

અધિકૃત અધિકારી, આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ

તારીખ : ૩૧.૦૮.૨૦૨૪, સ્થળ : અમદાવાદ અને વડોદરા

CIN No. U65922MH1999PLC120106

દેશના અનેક રાજ્યોમાં વરસાદે તારાજી સર્જી, હજુ પણ ભારે વરસાદની IMDની આગાહી

નવી દિલ્હી,

જુલાઈ બાદ ઓગસ્ટમાં પણ હવામાન ખાતાની આગાહી પ્રમાણે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી. પહાડોથી લઈને મેદાની પ્રદેશોમાં આકાશમાંથી અનરાધાર પાણી વરસ્યું. જેના કારણે લોકોના હાલ બેહાલ થઈ ગયા. હવામાન ખાતાએ આગાહી કરી હતી કે ઓગસ્ટમાં ૧૧૦ ટકા જેટલો વરસાદ વરસશે. અને હાલ જે પ્રમાણે દેશમાં વરસાદ વરસી રહ્યો છે તેણે તે આગાહીને સાચી ઠેરવી દીધી છે. પહાડો પર રહેવું કેમ ખતરાથી ખાલી નથી. જમ્મુ કાશ્મીરના રામબન વિસ્તારના રાજગઢમાં વાદળ ફાટતાં સાત લોકો તણાઈ ગયા. જેમાં ૩ લોકોનાં મૃતદેહ મળ્યા. જ્યારે ૪ લોકો હજુ પણ લાપતા છે. વાદળ ફાટતાં રસ્તા પર માટી અને નાના-મોટા પથ્થરોનો કાટમાળ જોવા મળ્યો. અનેક મકાનોને પણ ભારે નુકસાન થયું છે. તો જમીનનો મોટો ભાગ પણ પાણીના પ્રવાહમાં ધોવાઈ ગયો છે.

ભારે વરસાદે ઉત્તરાખંડમાં ફરી એકવખત કોહરામ મચાવ્યો છે. જેમાં મસૂરીથી કેમ્પ્ટી જવાનો રસ્તો ખરાબ રીતે તૂટી ગયો કે વાહનચાલકો જીવના જોખમે રસ્તો પસાર કરી રહેલા જોવા મળ્યા. ઉત્તર પ્રદેશની ધાર્મિક નગરી અયોધ્યાના ઉપરવાસમાં થયેલા વરસાદના કારણે સરયુ નદીએ ભયજનક સપાટી વટાવી દીધી. જેના કારણે સ્થાનિક પ્રશાસને નદીકાંઠાના લોકોને એલર્ટ કરી દીધા છે. ગુજરાતમાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી. સૌરાષ્ટ્રના જામનગરમાં રસ્તા પર, સોસાયટીમાં, લોકોના ઘરમાં, દુકાનોમાં, જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી જોવા મળ્યુ છે. જેના કારણે લોકોની મુશ્કેલીમાં સૌથી મોટો વધારો થયો છે. અનરાધાર વરસાદના કારણે દ્વારકા-જામનગર હાઈવે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. રસ્તા પર ખેતરોના પાણી ફરી વળ્યા, જેના કારણે અહીંયા નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. રસ્તા પર જળબંબાકાર સર્જાતાં સેંકડો લોકો રસ્તામાં અટવાઈ ગયા છે. વરસાદની ધમાકેદાર બેટિંગની વચ્ચે હવામાન વિભાગે હજુ ભારેથી અતિભારે વરસાદની આગાહી અનેક રાજ્યોમાં કરી છે. જેણે લોકોની ચિંતા વધારી દીધી છે.

ભારતમાં દર વર્ષે પાંચ લાખ માર્ગ અકસ્માત થાય છે : નીતિન ગડકરી

નવી દિલ્હી,

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ માર્ગ અકસ્માતને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે દર વર્ષે લાખો લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. મોટાભાગના અકસ્માતો રોડ એન્જિનિયરિંગમાં રહેલ ખામીને કારણે થાય છે. ગડકરીએ કહ્યું કે મેં એન્જિનિયરને સલાહ આપતા કહ્યું છે કે હાઈવે પર એવા ડિવાઈડર બનાવવા જોઈએ કે લોકો તે કૂદી ન શકે. તેમણે કહ્યું કે મેં ખૂબ જ ધ્યાનથી જોયું છે કે મોટાભાગના અકસ્માતો રોડ એન્જિનિયરિંગમાં ખામીને કારણે થાય છે, પરંતુ દરેક રોડ અકસ્માત માટે ડ્રાઈવરને જ જવાબદાર ઠેરવવામાં આવે છે પરંતુ એવું નથી. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે ભારતમાં દર વર્ષે પાંચ લાખ જેટલા માર્ગ અકસ્માત થાય છે. તેમાંથી ૧.૫ લાખ લોકો મૃત્યુ પામે છે અને ત્રણ લાખ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

FICCIના રોડ સેફ્ટી એવોર્ડ્સ અને કોક્લેવ ૨૦૨૪ને સંબોધતા, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, ભારતમાં યુદ્ધ, આતંકવાદ અને નક્સલવાદ કરતાં વધુ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. આના કારણે દેશને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં ત્રણ ટકાનું નુકસાન થાય છે. રોડ પ્રોજેક્ટ્સના નબળા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ (ડીપીઆર)ને કારણે બ્લેક સ્પોટ્સની સંખ્યામાં વધારો થયો છે. જેના કારણે માર્ગ અકસ્માતો વધુ થાય છે. ગડકરીએ જણાવ્યું હતું કે, માર્ગ અને પરિવહન મંત્રાલયે શહેરી વિસ્તારોમાંથી પસાર થતા હાઈવે પર રેમ્પની જોગવાઈ સાથે વધુ ફૂટ ઓવર બ્રિજ બનાવવાનો પણ નિર્ણય કર્યો છે જેથી ટુ-વ્હીલર્સ ચાલકો તેનો ઉપયોગ કરી શકે. ગડકરીએ તમામ હાઈવેના સેફ્ટી ઓડિટની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે આપણે લેન શિસ્તનું પાલન કરવાની જરૂર છે.

રેલીકેબ કેબલ મેન્યુફેક્ચરિંગ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું: 57/1,(4-B), બેન્સલોર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દુનેથા,
દમણ દાદરા નગર હવેલી - 396210, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ ભારત
CIN: L27201DD2009PLC004670 ઇમેઇલ: investor.relicab@gmail.com,
ટેલિફોન: 022 25123967; 022 32573082, વેબસાઇટ: www.relicab.com

નોટિસ

વિડિયો કોન્ફરન્સ/અન્ય ઓડિયો-વિઝ્યુઅલ મીન, (VC/OAVM) દ્વારા યોજાનારી કંપનીના સભ્યોની 15મી વાર્ષિક સામાન્ય સભા અંગેની માહિતી

આથી સૂચના આપવામાં આવે છે કે 15મી વાર્ષિક સામાન્ય સભા (AGM) શુક્રવાર, 27 સપ્ટેમ્બર, 2024 ના રોજ બપોરે 03:00 વાગ્યે યોજાવાની છે. કંપની એક્ટ, 2013, S E B I (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ની જોગવાઈઓના પાલનમાં, સામાન્ય સ્થળે સભ્યોની હાજરી વિના વીડિયો કોન્ફરન્સિંગ (VC)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ('OAVM') દ્વારા (સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન) સામાન્ય પરિપત્ર નં. 14/2020 (તારીખ 8 એપ્રિલ, 2020), 17/2020 (તારીખ 13 એપ્રિલ, 2020), 20/2020 (તારીખ 5 મે, 2020), 02/2021 (તારીખ જાન્યુઆરી) સાથે વાંચો 13. કોર્પોરેટ અફેર્સ ("MCA પરિપત્રો") અને પરિપત્ર નંબર SEBI/HO/ CFD/CFD-PoD-2/P/CIR/2023/167 તારીખ 07 ઓક્ટોબર, 2023 ના રોજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલ (ત્યારબાદ આ તરીકે ઓળખવામાં આવે છે. 'સેબી પરિપત્ર' 15મી એજીએમ બોલાવતી નોટિસમાં દર્શાવેલ વ્યવસાયોના વ્યવહાર માટે પરિપત્રો યોજાશે.

ઉપરોક્ત MCA અને SEBIના પરિપત્રો મુજબ, નાણાકીય વર્ષ 2023-24 માટે કંપનીના વાર્ષિક અહેવાલ સાથે AGM નોટિસની ઈલેક્ટ્રોનિક નકલ એ તમામ સભ્યોને મોકલવામાં આવશે જેમના નોંધાયેલા ઈમેલ એડ્રેસ કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (DP) સાથે નોંધાયેલા છે. AGM નોટિસ અને વાર્ષિક રિપોર્ટ કંપનીની વેબસાઈટ www.relicab.com પર પણ ઉપલબ્ધ હશે અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર અને નેશનલ સિક્યોરિટીઝની રિમોટ ઇ-વોટિંગ વેબસાઇટ https://www.evoting.nsdl.com/ પર પણ એક્સેસ કરી શકાય છે. NSDL વેબસાઇટ પર ડિપોઝિટરી લિમિટેડ ('NSDL') વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટિસની ભૌતિક નકલો મોકલવાની આવશ્યકતા MCA પરિપત્રો અને સેબીના પરિપત્રો દ્વારા વિતરિત કરવામાં આવી છે અને તેથી કોઇ ભૌતિક નથી તેની નકલ આપવામાં આવશે.

કંપનીએ તેના તમામ સભ્યોને એજીએમ (ઈ-વોટિંગ) દરમિયાન રિમોટ ઈ-વોટિંગ સુવિધા ('રિમોટ ઈ-વોટિંગ') અને ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પૂરી પાડવા માટે NSDLની ઈ-વોટિંગ સિસ્ટમનો લાભ લીધો છે. OAVM દ્વારા એજીએમમાં હાજરી આપવા માટેની સૂચના અને ઈ-વોટિંગની રીત એજીએમ બોલાવતી નોટિસમાં આપવામાં આવી છે. જો તમારું ઈ-મેલ સરનામું પહેલેથી જ કંપની/ડિપોઝીટરીમાં નોંધાયેલ છે, તો ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા વોટ આપવા માટેના લોગિન ઓળખપત્રો તમારા રજીસ્ટર્ડ ઈમેલ એડ્રેસ પર મોકલવામાં આવી રહ્યા છે, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ નોટિસમાં આપેલી રીતે તેમના ઈમેલ એડ્રેસની નોંધણી કરે. મહેરબાની કરીને નોંધ કરો કે OAVM દ્વારા એજીએમમાં ભાગ લેવા અને એજીએમ દરમિયાન ઇલેક્ટ્રોનિક રીતે ઠરાવ પર મત આપવા માટે સમાન લોગિન ઓળખપત્રો જરૂરી છે.

જો તે પહેલાથી નોંધાયેલ ન હોય તો ઈમેલ આઈડીની નોંધણી કરવાની રીત: (i) ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો નીચેની વિગતો-ફોલિયો નંબર, નામ, સાથે mt.helpdesk@linkintime.co.in પર ઈમેલ વિનંતી મોકલી શકે છે. શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), પાન કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ, કોઈપણ સરનામાના પુરાવાની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ; (ii) ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યો તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ('DPs') સાથે તેમના ઈમેલ આઈડીની નોંધણી કરાવી શકે છે.

સભ્યોને તેમના મત ઇલેક્ટ્રોનિક રીતે, ક્યાં તો દૂરથી અથવા એજીએમ દરમિયાન એજીએમ નોટિસમાં દર્શાવેલ બિઝનેસ પર આપવાની તક મળશે. ડીમેટ સ્વરૂપે, ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવનારા સભ્યો માટે અને જેમના ઈમેલ આઈડી નોંધાયેલા ન હોય તેવા સભ્યો માટે આમ કરવાની રીત એજીએમ નોટિસમાં પણ પ્રદાન કરવામાં આવશે તેમજ કંપનીની વેબસાઈટ www.relicab.com પર પોસ્ટ કરવામાં આવશે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 2023-24 માટે કોઈ ડિવિડન્ડની ભલામણ કરી નથી.

કંપની અધિનિયમ, 2013 ની કલમ 103 હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે VC/OAVM દ્વારા એજીએમમાં હાજરી આપનારા સભ્યોની ગણતરી કરવામાં આવશે.

ઉપરોક્ત માહિતી SEBI પરિપત્રો સાથે વાંચવામાં આવેલા MCA પરિપત્રો અને SEBI લિસ્ટિંગ રેગ્યુલેશન્સના પાલનમાં કંપનીના તમામ સભ્યોની જાણકારી અને વતી જારી કરવામાં આવી છે.

Relicab કેબલ મેન્યુફેક્ચરિંગ લિમિટેડ માટે,
Sd/-,
વરુણ જૈન
અનુપાલન અધિકારી અને કંપની સચિવ

સ્થળ: દમણ
તારીખ: 31 ઓગસ્ટ, 2024

SHRIRAM HOUSING FINANCE

શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ

માંગણા નોટિસ

રજીસ્ટર્ડ ઓફિસ: ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ - ૬૦૦ ૦૦૧.
બ્રાન્ચ ઓફિસ : હેડ ઓફિસ : લેવલ-૩, વૉકહાર્ડટ ટાવર્સ, ઈસ્ટ વિંગ સી-૨ બ્લોક, બાન્દ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૧. વેબસાઈટ :www.shriramhousing.in

આથી અહીં જણાવવાનું કે નીચે જણાવેલા દેવાદારો/સહદેવાદારો/જામીનદારોને શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ તરફથી નાણાંકિય સહાય પ્રાપ્ત થઈ હતી. નાણાંકિય સુવિધાનો લાભ લીધો હોવા છતાં દેવાદારો/જામીનદારો નિયત તારીખે ચુકવવાની મુદલ રકમ અને તેના પરનું વ્યાજ પરત કરવામાં નિષ્ફળ ગયાં છે. આથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરેલ માર્ગદર્શિકા મુજબ આ લોન નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ)તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. પરિણામે શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડના અધિકૃત અધિકારી સિકયોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને કલમ ૧૩(૨)હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા ૨૦૦૨ના કાયદા-૩ સાથે વાંચતા મળેલ સત્તાની રૂહે નીચે જણાવેલી તારીખોએ માંગણા નોટિસ મોકલી આપી છે. એસએઆરએફએઈએસઆઈ કાયદા, ૨૦૦૨ના કાયદા ૧૩(૨) હેઠળ નીચે જણાવેલા દેવાદારો/સહદેવાદારો/જામીનદારોને આમંત્રિત કરવામાં આવે છે આ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર, નોટિસમાં જણાવેલી રકમ, કરાર મુજબના રેટના આધારે વધારાના વ્યાજ સાથે ચુકતે કરવા અને આકસ્મિક ખર્ચા, કોસ્ટ, ચાર્જિસ વગેરે જેની જાણ નોટિસમાં કરવામાં આવી છે.
આ નોટિસ તેમને તેમના છેલ્લા જાણિતા સરનામા ઉપર મોકલી આપવામાં આવી છે, જો કોઈ કારણોસર નોટિસ ના મલી હોય કે નોટિસ પરત આવી હોય તો આ જાહેર નોટિસ દ્વારા તેમને જાણ કરવામાં આવે છે.
કાયદાના નિયમ ૧૩ના પેટા નિયમ (૮)ની જોગવાઈ મુજબ દેવાદારોને ગીરો મુકેલ મિલકતોને મુક્ત કરાવવાનો સમય મલે છે તે માટે તેમને આમંત્રિત કરવામાં આવે છે.

દેવાદારનું /સહ દેવાદારો નું નામ અને સરનામું	બાકી નિકળતી રકમ રૂા.	આરક્ષિત મિલકતોનું સરનામું
૧. સંદિપ સુનિલ ગોસાવી વર્તમાન સરનામું : પ્લોટ નં.૧૬૭, આલિશાન સિટી સોસાયટી, જિતાલી, અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૦૩૦૦૧ આપણ : સંદિપ સુનિલ ગોસાવી કાયમી સરનામું : સત્યનારાયણ મંદિર, સર્વે નં.૧૮, ધાવડે વસ્તી, ભૈરવનાથ સલેજાવલ, પુને સિટી, ભોસારીગાંવ, પુને, મહારાષ્ટ્ર -૪૧૧૦૩૯ આપણ : સંદિપ સુનિલ ગોસાવી વ્યવસાયનું સરનામું : ઓરાસ એન્જીનિયરિંગ, એસ-૧૦,૧૧ ક્રિષ્ટલ પ્લાઝા, કપોદરા પાટિયા, જિતાલી રોડ, અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૨ આપણ : સંદિપ સુનિલ ગોસાવી મિલકતનું સરનામું : પ્લોટ નં.ડી-૧૮૬, આલિશાન સિટી, ગામ જિતાલી પાસે, મોજે-જિતાલી, તા.અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૧ ૨. પ્રતિક્ષા સંભાજી ગોસાવી વર્તમાન સરનામું : પ્લોટ નં.૧૬૭, આલિશાન સિટી સોસાયટી, જિતાલી, અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૦૩૦૦૧ આપણ : પ્રતિક્ષા સંભાજી ગોસાવી કાયમી સરનામું : સત્યનારાયણ મંદિર, સર્વે નં.૧૮, ધાવડે વસ્તી, ભૈરવનાથ સલેજાવલ, પુને સિટી, ભોસારીગાંવ, પુને, મહારાષ્ટ્ર -૪૧૧૦૩૯ આપણ : પ્રતિક્ષા સંભાજી ગોસાવી મિલકતનું સરનામું : પ્લોટ નં.ડી-૧૮૬, આલિશાન સિટી, ગામ જિતાલી પાસે, મોજે-જિતાલી, તા.અંકલેશ્વર, ભરૂચ, ડિમાન્ડ નોટિસની તારીખ : ૧૨-૦૮-૨૦૨૪ એનપીએ તારીખ ૦૩-૦૮-૨૦૨૪	સંદર્ભ લોન ખાતા નંબર : SHLHBRUH 0000276 ૮-૦૮-૨૦૨૪ ના રોજ રૂા. ૨૦,૪૬,૧૧૭/- (રૂપિયા વીસ લાખ, છેંતાલીસ હજાર એકસોને સત્તર પુરા) લોન નંબર અને લોન રકમ SHLHBRUH 0000276 રૂા. ૧૯,૩૫,૯૮૬/-	મોજે-જિતાલી ખાતે આવેલ બિન ખેતી લાયક પ્લોટ, જમીન બેરિંગ આર.એસ.નં.૧૮૩, જુના બ્લોક / સર્વે નં.૬૩૧ જે આલિશાન સિટી નામે જાણિતો પૈકી પ્લોટ નં.ડી-૧૮૬, માપણી ૧૦૫.૮૬ સ્કે.મી. એટલેકે ૧૧૩૯.૪૭ સ્કે.ફીટ, કોમન પ્લોટ અને રોડ માપણી ૭૩.૬૦ સ્કે.મી., કુલ માપણી ૧૭૯.૪૬ સ્કે.મી., નોંધણી જીલ્લો અને સબ જીલ્લો અંકલેશ્વર, જીલ્લો ભરૂચ. મિલકતની સિમારેખાઓ : પૂર્વમાં : સોસાયટી આંતરિક રોડ પશ્ચિમમાં : પ્લોટ નં.આઈ-૧૧૭ ઉત્તરમાં : પ્લોટ નં.ડી-૧૮૫ દક્ષિણમાં : ખુલી જગા
૧. વિકાશ રામપ્રકાશ મિશ્રા વર્તમાન સરનામું : ૪-વિનાયક નગર, ગડખોલ, ગિરનાર સોસાયટી સામે, તા.અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૧ આપણ : વિકાશ રામપ્રકાશ મિશ્રા કાયમી સરનામું : ૨૦૩, અપ્સરા એપાર્ટમેન્ટ, અકોલે રોડ, સાંઈબાબા મંદિર પાસે, શંખેશ્વર નગર, નાલાસોપારા ઈસ્ટ, વસઈ, થાણે મહારાષ્ટ્રા -૪૦૧૨૦૯ આપણ : વિકાશ રામપ્રકાશ મિશ્રા વ્યવસાયનું સરનામું : અડેકો ઈન્ડિયા પ્રા.લિ.,પહેલો માળ, નિત્યા એપાર્ટમેન્ટ, જલારામ સોસાયટી પાસે, શીતલનગર, અકોટા, બરોડા, ગુજરાત-૩૯૦૦૨૦ આપણ : વિકાશ રામપ્રકાશ મિશ્રા મિલકતનું સરનામું : પ્લોટ નં.૨૫૭, અયોધ્યાપુરમ રેસિડેન્સી, સાનિધ્ય રેસિડેન્સી પાસે, મોજે-જિતાલી, તા.અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૦૩૦૦૧ ૨. મહિમાબેન વિકાશ મિશ્રા વર્તમાન સરનામું : ૪-વિનાયક નગર, ગડખોલ, ગિરનાર સોસાયટી સામે, તા.અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૧ આપણ : મહિમાબેન વિકાશ મિશ્રા કાયમી સરનામું : ૨૦૩, અપ્સરા એપાર્ટમેન્ટ, અકોલે રોડ, સાંઈબાબા મંદિર પાસે, શંખેશ્વર નગર, નાલાસોપારા ઈસ્ટ, વસઈ, થાણે મહારાષ્ટ્રા -૪૦૧૨૦૯ આપણ : મહિમાબેન વિકાશ મિશ્રા મિલકતનું સરનામું :પ્લોટ નં.૨૫૭, અયોધ્યાપુરમ રેસિડેન્સી, સાનિધ્ય રેસિડેન્સી પાસે, મોજે-જિતાલી, તા.અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૦૩૦૦૧ ડિમાન્ડ નોટિસની તારીખ : ૧૨-૦૮-૨૦૨૪ એનપીએ તારીખ ૦૩-૦૮-૨૦૨૪	સંદર્ભ લોન ખાતા નંબર : SHLHBRUH 0000321 ૮-૦૮-૨૦૨૪ ના રોજ રૂા. ૧૧,૫૨,૩૬૧/- (રૂપિયા અગિયાર લાખ, બાવન હજાર ત્રણસોને એકસઠ પુરા) લોન નંબર અને લોન રકમ SHLHBRUH 0000321 રૂા. ૧૦,૯૧,૪૧૯/-	મોજે-જિતાલી ખાતે આવેલ બિન ખેતી લાયક પ્લોટ, જમીન બેરિંગ બ્લોક /સર્વે નં.૨૮ (જુના આર.એસ.નં.૮૦૧)માપણી ૪૦૩૭૩.૦૦ સ્કે.મી. જે અયોધ્યાપુરમ રેસિડેન્સી નામે જાણિતી, પૈકી પ્લોટ નં.૨૫૭, પ્લોટ માપણી ૪૦.૧૯ સ્કે.મી. રોડ જમીનમાં અવિભાજીત ભાગ માપણી ૩૬.૬૮ સ્કે.મી., કુલ માપણી ૭૬.૮૭ સ્કે.મી., નોંધણી જીલ્લો અને સબજીલ્લો અંકલેશ્વર, જીલ્લો ભરૂચ. મિલકતની સિમારેખાઓ : પૂર્વમાં : પ્લોટ નં.૨૭૨ પશ્ચિમમાં : સોસાયટી રોડ ઉત્તરમાં : પ્લોટ નં.૨૫૮ દક્ષિણમાં : પ્લોટ નં.૨૫૬
૧. સંદીપ કુમાર પ્રહલાદભાઈ દુબે વર્તમાન સરનામું : ફ્લેટ નં.૫૦૮, પાંચમો માળ, યોગી દર્શન સોસાયટીની અંદર અરિહંત પેલેસ, એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ સ્કૂલ પાછળ, પલસાના, સુરત, ગુજરાત-૩૮૪૩૧૫ આપણ : સંદીપ કુમાર પ્રહલાદભાઈ દુબે કાયમી સરનામું : પિદૌના, બિબિપુર, અલ્હાબાદ, ઉત્તર પ્રદેશ -૨૧૨૪૦૫ આપણ : સંદીપ કુમાર પ્રહલાદભાઈ દુબે વ્યવસાયનું સરનામું : યુનિક કોર્પોરેશન, પ્લોટ નં.બી૧/૧૦૦, ૧૦૧,૧૦૨, પહેલો, બીજો, ત્રીજો માળ, ભગવતી ઈન્ડસેટ નગર, નવિન ફ્લોરિન પાસે, ભેસ્તાન, સુરત, ગુજરાત-૩૯૫૦૨૩ આપણ : સંદીપ કુમાર પ્રહલાદભાઈ દુબે મિલકતનું સરનામું : ફ્લેટ નં.૫૦૮, પાંચમો માળ, યોગી દર્શન સોસાયટીની અંદર અરિહંત પેલેસ, એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ સ્કૂલ પાછળ, પલસાના, સુરત, ગુજરાત-૩૮૪૩૧૫ ૨. મનીશા સંદીપ દુબે વર્તમાન સરનામું : ફ્લેટ નં.૫૦૮, પાંચમો માળ, યોગી દર્શન સોસાયટીની અંદર અરિહંત પેલેસ, એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ સ્કૂલ પાછળ, પલસાના, સુરત, ગુજરાત-૩૮૪૩૧૫ આપણ : મનીશા સંદીપ દુબે કાયમી સરનામું : પિદૌના, બિબિપુર, અલ્હાબાદ, ઉત્તર પ્રદેશ -૨૧૨૪૦૫ આપણ : મનીશા સંદીપ દુબે મિલકતનું સરનામું :ફ્લેટ નં.૫૦૮, પાંચમો માળ, યોગી દર્શન સોસાયટીની અંદર અરિહંત પેલેસ, એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ સ્કૂલ પાછળ, પલસાના, સુરત, ગુજરાત-૩૮૪૩૧૫ ડિમાન્ડ નોટિસની તારીખ : ૧૨-૦૮-૨૦૨૪ એનપીએ તારીખ ૦૩-૦૮-૨૦૨૪	સંદર્ભ લોન ખાતા નંબર : SHLHSRAT 0001004 ૮-૦૮-૨૦૨૪ ના રોજ રૂા. ૭,૭૫,૮૨૫/- (રૂપિયા સાત લાખ, પંચોતેર હજાર આઠસોને પચ્ચીસ પુરા) લોન નંબર અને લોન રકમ SHLHSRAT 0001004 રૂા. ૭,૦૫,૦૦૮/-	સુરત, મોજે-પલસાના ખાતે આવેલ બિન ખેતી લાયક પ્લોટ, જમીન બેરિંગ આર.એસ.નં. ૫૨૫, બ્લોક નં.૫૨૬/ પૈકી ૧, યોગીદર્શન સોસાયટી નામે જાણિતી પૈકી પ્લોટ નં.૯૧ થી ૯૩, પ્લાન મુજબ માપણી ૨૮૮.૫૪ સ્કે.મી. અરિહંત પેલેસ નામે જાણિતો, પૈકી પાંચમો માળ, ફ્લેટ નં.૫૦૮, સુપર બિલ્ટ અપ એરિયા માપણી ૬૦૦.૦૦ સ્કે.ફીટ, બિલ્ટ અપ એરિયા માપણી ૩૩.૪૫ સ્કે.મી., નોંધણી જીલ્લો અને સબ જીલ્લો પલસાના, જીલ્લો સુરત. મિલકતની સિમારેખાઓ : પૂર્વમાં : રોડ પશ્ચિમમાં : રોડ ઉત્તરમાં : રોડ દક્ષિણમાં : પ્લોટ નં.૯૦
૧. મોદી ભાવિન મહેશભાઈ વર્તમાન સરનામું : ફ્લેટ નં.૩૬૮, ત્રીજો માળ, બિલ્ડિંગ નં.બી-૧૦, રાજ અભિશેક સિટી હોમ્સ, અલ્ફા હોટલ પાસે, સુરત-પલસાના રોડ, સુરત, ગુજરાત-૩૯૪૨૩૦ આપણ : મોદી ભાવિન મહેશભાઈ વ્યવસાયનું સરનામું : ૧૯/એ-૧, જય સાગર કોમ્પલેક્ષની બાજુમાં, ખતોદરા વાડી, સુરત, ગુજરાત-૩૯૫૦૦૨ આપણ : મોદી ભાવિન મહેશભાઈ મિલકતનું સરનામું : ફલેટ નં.૩૬૮, ત્રીજો માળ, બિલ્ડિંગ નં.બી-૧૦, રાજ અભિશેક સિટી હોમ્સ, સ્વસ્તિક રેસિડેન્સીની બાજુમાં, બકરા મંડી મસ્જિદની સામે, અલ્ફા હોટલ પાસે, સુરત-પલસાના રોડ, પારડી કાંડે, સુરત, ગુજરાત-૩૯૪૨૩૦ ૨. જયશ્રી રાકેશભાઈ નાયકા વર્તમાન સરનામું : ફ્લેટ નં.૩૬૮, ત્રીજો માળ, બિલ્ડિંગ નં.બી-૧૦, રાજ અભિશેક સિટી હોમ્સ, અલ્ફા હોટલ પાસે, સુરત-પલસાના રોડ, સુરત, ગુજરાત-૩૯૪૨૩૦ આપણ : જયશ્રી રાકેશભાઈ નાયકા મિલકતનું સરનામું : ફલેટ નં.૩૬૮, ત્રીજો માળ, બિલ્ડિંગ નં.બી-૧૦, રાજ અભિશેક સિટી હોમ્સ, સ્વસ્તિક રેસિડેન્સીની બાજુમાં, બકરા મંડી મસ્જિદની સામે, અલ્ફા હોટલ પાસે, સુરત-પલસાના રોડ, પારડી કાંડે, સુરત, ગુજરાત-૩૯૪૨૩૦ ડિમાન્ડ નોટિસની તારીખ : ૧૨-૦૮-૨૦૨૪ એનપીએ તારીખ ૦૩-૦૮-૨૦૨૪	સંદર્ભ લોન ખાતા નંબર : SHLHSRAT 0001868 ૮-૦૮-૨૦૨૪ ના રોજ રૂા. ૧૯,૩૧,૯૪૪/- (રૂપિયા ઓગણિસ લાખ, એકત્રીસ હજાર નવસોને ચુમ્માલીસ પુરા) લોન નંબર અને લોન રકમ SHLHSRAT 0001868 રૂા. ૧૮,૪૭,૦૩૩/-	ફલેટ નં.૩૬૮ના તમામ નામો, હકો અને હિતો, ત્રીજા માળ ઉપર, માપણી લગભગ ૧૧૬૦ સ્કે.ફીટ એટલેકે ૧૦૭.૮૦ સ્કે.મી. સુપર બિલ્ટ અપ એરિયા અને ૭૧.૭૫ સ્કે.મી. બિલ્ટ અપ એરિયા, બિલ્ડિંગ નં.બી-૧૦ની જમીનમાંના અવિભાજીત ભાગ સાથે, રાજ અભિશેક સિટી હોમ્સ નામે રહેવાસી પ્રોજેકટ ખાતે સ્થિત, જમીન માપણી ઓવર ૩૯૪૨૭ સ્કે.મી. પશ્ચિમ બાજુ સ્થિત અને વર્તમાન નવા બ્લોક નં.૧૪ નો ફોર્મિંગ ભાગ, ગામ-પારડી કાંડે ખાતે આવેલ, તા.ચોરયાસી, જી.સુરત. મિલકતની સિમારેખાઓ : પૂર્વમાં : ફ્લેટ નં.બી-૧૧ પશ્ચિમમાં : ફ્લેટ નં.૩૬૭ ઉત્તરમાં : ફ્લેટ નં.૩૬૯ દક્ષિણમાં : સીઓપી અને મેઝેનાઈન જમીન

આ નોટિસ જાહેર થયાના ૬૦ દિવસની અંદર ઉપરોક્ત દેવાદારા/સહદેવાદારો/જામીનદારો અથવા તેમના જામીનદારોને (જ્યાં લાગુ પડે ત્યાં) ઉપર જણાવેલી રકમ ભાવિ વ્યાજ અને લાગુ પડતા ચાર્જિસ સાથે ચુકતે કરવા જણાવવામાં આવે છે. સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને કલમ ૧૩(૪) હેઠળ જો રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો ૬૦ દિવસ બાદ ગીરો મિલકતોનો કબ્જો લઈ લેવામાં આવશે અથવા આરક્ષિત મિલકતો સામે પગલાં લેવામાં આવશે.

ખાસ ધ્યાન આપો કે ઉપરોક્ત કાયદાના નિયમ ૧૩(૧૩) હેઠળ આરક્ષીત લેણદારોને લેખિતમાં અગાઉ જાણ કર્યા વગર દેવાદારો તેમની નોટિસમાં જણાવેલી ગીરો મિલકતને વેચાણ કે ભાડે કે લિઝ ઉપર આપી શકશે નહિ

સ્થળ : સુરત, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર
તારીખ : ૩૧-૦૮-૨૦૨૪

સહી/- અધિકૃત અધિકારી
શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લી.